# શહેરમાં ૧ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩ કેસ

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩ કેસ નોંધાયા : જિલ્લા ગ્રામ્ય વિસ્તારોના કેસોની સંખ્યા ૯૫ થઈ : આજે નોંધાયેલ કેસમાં એક ૮ માસના નાના ભૂલકાનો પણ સમાવેશ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૪૬ પર પહોંચી છે. જેમાં શહેર વિસ્તારના ૫૧ કેસોનો પણ સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારના કેસોની સંખ્યા ૯૫ થઈ છે.

ગાંધીનગર જિલ્લાના નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૮ દર્દીને રજા આપવામાં આવી છે. આ સાથે જિલ્લામાં ડિસ્ચાર્જ થયેલ દર્દીઓની સંખ્યા ૬૧ થાય છે. જે ૮ દર્દીને રજા આપવામાં આવી છે તેમાં ૪ પુરૂષ દર્દી અને ૪ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. જિલ્લામાં હજુ ૮૦ કેસ એક્ટીવ કેસ તરીકે નોંધાયેલા હોવાનું રાજ્ય સરકારે જાહેર કર્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે ૩ કેસ નોંધાયા છે તેમાં ૮ માસના એક નાના ભુલકાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૮૮ વર્ષની એક વૃદ્ધાનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજ નજીક આવેલ ત્રિમંદિર વિસ્તારમાં એક ૮૮ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જેમને અગાઉ સારવાર માટે અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં અન્ય બિમારીને લઈ દાખલ કરાયા હતા. ત્યાંથી રજા બાદ ઘરે પરત ફર્યા હતા અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત છાલા ગામેથી એક ૮ માસની નાનકડી બેબીનો રિપોર્ટ પણ આજે પોઝીટીવ આવતાં આ બાળકીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. આ બાળકી આમ તો પ્રેક્ષાભારતી ખાતે ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં હતી તેમ જાણવા મળેલ છે.

ત્રીજો કેસ વાવોલ ખાતેથી એક મહિલાનો મળેલ છે. રોયલ ટુ માં રહેતા એક ખાનગી કંપનીના કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ આજે આ પરિવારની વધુ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના વધુ ૩ દર્દીઓને આજે ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જેમાં ૨ પુરૂષ અને મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં આરોગ્યતંત્રના પાંચથી વધુ કર્મયોગીઓ સંક્રમિત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસો લોકલ ટ્રાન્સમિશનથી થયા છે અને અમદાવાદ કનેક્ટેડ હોવાનું તંત્રનું માનવુ છે.

## સેક્ટર-૨૧ની રહીશ વન વિભાગના મહિલા કર્મચારીને કોરોના પોઝીટીવ

### શહેરમાં કેસોની સંખ્યા ૫૧ થઈ : તંત્ર દ્વારા સંપર્કમાં આવેલ નવ વ્યકિતઓને ક્વોરોન્ટાઈન કરાયા

ગાંધીનગર, તા.૧૪

બે દિવસ બાદ આજે ગાંધીનગર શહેરમાંથી કોરોનાનો એક કેસ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠયું છે. આ કેસ ગાંધીનગર શહેરનું વાણિજય હાર્દ ગણાતા સે-૨૧માં નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે સે-૨૧માં રહેતી વન વિભાગની એક મહિલા કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી સથે ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૧થવા પામી છે.

ગાંધીનગર આરોગ્ય તંત્ર દ્વારા આ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા ઉપરાંત સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. આ મહિલા કર્મચારી સાથે સંપર્કમાં આવેલ અન્ય નવ કર્મચારીને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

**કયા સેક્ટરમાં કેટલા કેસ ?**

| સેક્ટર | કેસ | રિકવર |
|---|---|---|
| સેક્ટર-૨ | ૦૮ | ૦૫ |
| સેક્ટર-૩ | ૦૬ | ૦૫ |
| સેક્ટર-૩ન્યુ | ૦૫ | ૦૧ |
| સેક્ટર-૭ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૮ | ૦૨ | ૦૧ |
| સેક્ટર-૧૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૩ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૧૭ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૧ | ૦૧ | ૦૦ |
| સેક્ટર-૨૨ | ૦૧ | ૦૧ |
| સેક્ટર-૨૩ | ૦૪ | ૦૪ |
| સેક્ટર-૨૪ | ૧૦ | ૦૪ |
| સેક્ટર-૨૯ | ૦૭ | ૦૬ |
| સેક્ટર-૩૦ | ૦૧ | ૦૦ |
| કુલ | ૫૧ | ૩૦ |

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

જે નવ કર્મચારીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે તેમાં ૪ પોલીસ કર્મીઓનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. વન વિભાગમાં ફરજ બજાવતી આ મહિલા કર્મચારીને સે-૩૦ પાસે ચેક પોષ્ટ પર ફરજ સોંપવામાં આવી હતી.

તંત્ર એ આ મહિલા કર્મચારીના નિવાસસ્થાનને સેનીટાઈઝેશન કરવાની પણ કામગીરી હાથ ધરી છે.

હાલ આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ૫૧ કેસ નોંધાયા છે જે પૈકી ૨૬ દર્દીને ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યા છે જે નોંધનીય છે. શહેરમાં આજે આ કેસ આવતાં જ તંત્ર એ તાબડતોબ જરુરી કાર્યવાહી હાથ ધરી દીધી છે.

## દેશમાં પરપ્રાંતિયોને મોકલવામાં ગુજરાતનો ૪૦ ટકા ફાળો

### દેશભરમાંથી ગયેલા ૯.૮૫ લાખ પરપ્રાંતિયો વતન ગયા તેમાંથી ગુજરાતે ૩.૯૫ લાખને પરત મોકલ્યા

ગાંધીનગર,તા.૧૪

સીએમઓના સચિવ અશ્વિની કુમારે ગુજરાત સરકારના આજના અપડેટ્સ અંગે જણાવ્યું કે, કપાસનો સારો ભાવ મળી રહે એ માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રાલયને રજૂઆત કરી છે અને ઝડપથી કપાસની ખરીદી થાય એ માટે રજૂઆત કરાઈ છે. કેન્દ્રીય ટેકસટાઈલ મંત્રી સમક્ષ મુખ્યમંત્રીએ રજૂઆત કરી છે. ગુજરાત એસએસસીનું હબ છે, રાજયના મોટાભાગના જિલ્લાઓમાં એમ.એસ.એમ.ઈ કાર્યરત છે.

કરોડો લોકોને લોકોને રોજગારી પણ મળે છે. કેન્દ્રીય નાણામંત્રી દ્વારા જે પેકેજ આપવામાં આવ્યું છે તેને ગુજરાતે આવકાર્યુ છે. અને અપેક્ષા વ્યક્ત કરી છે આવનારા દિવસોમાં ગુજરાતનું એમ.એસ.એમ.ઈ સેકટર વધુ મજબૂત થશે. ગુજરાતના એમ.એસ.એમ.ઈ દ્વારા થયેલા ઉત્પાદન વેચાણ અને વપરાશ માત્ર ગુજરાત પૂરતો સીમિત નથી, દેશના અલગ-અલગ રાજ્યોમાં જાય છે. ઘણા એમ.એસ.એમ.ઈ થી વિદેશમાં નિકાસ પણ કરવામાં આવે છે. ત્યારે એમ.એસ.એમ.ઈ પેકેજનો મહત્તમ લાભ ગુજરાત લેશે.

પરપ્રાંતિયો માટે દોડાવાયેલી ટ્રેન વિશે માહિતી આપતા તેઓએ જણાવ્યું કે, ગુજરાતમાંથી ગઈકાલ સુધીમાં ૩૦૨ ટ્રેન અન્ય રાજ્યોમાં ગઈ છે. ૩ લાખ ૯૫ હજાર મજૂરોને ગુજરાતમાંથી તેમના વતન મોકલી આપ્યા છે. સૌથી વધુ ટ્રેન ૨૦૪ યુપી જવા માટે રવાના કરવામાં આવી છે. ૩૪ ટ્રેન બિહાર જવા રવાના થઇ છે. આજે બીજી ૪૭ ટ્રેન રવાના થશે. જેમાંથી ૩૭ યુપી જશે.

## કોરોના વોરિયર્સને પ્રોત્સાહક ઈનામમાં આરોગ્યની અન્ય કેડરોને ના સમાવાતાં રોષ

### આ વોરિયર્સ દ્વારા કામગીરીના બહિષ્કારની ચીમકી સાથે કલેક્ટર-ડીડીઓને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૧૪



રાજયના મુખ્યમંત્રીએ આરોગ્યના કોરોના વોરિયર્સને પ્રોત્સાહક વેતન અને માનપત્ર આપવાના નિર્ણયમાં આરોગ્યતંત્રની વિવિધ કેડરો જે ૨૪૮૭ ફરજો બજાવે છે તેમનો સમાવેશ નહિ કરવામાં આવતાં આરોગ્યતંત્રમાં કચવાટની સાથે ના છૂટકે કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી આપવામાં આવી છે.

ક્ષેત્રીય કામગીરી કરતા મ.પ.હે.વ., લેબ.ટેકની., ફિમેલ હે.વ., મ.પ.વ., સુપરવાઈઝર, ફાર્માસીસ્ટ જેવી કેડરોનો કેમ સમાવેશ ન કરાતાં રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘે આ બાબતે મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત કરી દુઃખ વ્યક્ત કર્યુ છે. ખરેખર આ કર્મયોગીઓ પણ કોરોના વોરિયર્સ છે તેમના માટે સકારાત્મક અભિગમ સાથે સરકારે સત્વરે નિર્ણય કરવો જોઈએ તેવી રજુઆત મુખ્યમંત્રીને લખેલા પત્રમાં આરોગ્ય કર્મચારી મહાસંઘે કરી છે.

બીજી તરફ આજે જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મહામંડળના કિરીટસિંહ ચાવડા અને કિલ્પાબેન પટેલે જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર આપી આ મુદ્દે કામગીરીનો બહિષ્કાર કરવાની ફરજ પડશે તેવી ચીમકી સાથેનું આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

આ આવેદનપત્રની નકલ જિલ્લા વિકાસ અધિકારીને પણ અલગથી આપવામાં આવી છે.

## નિષ્ણાંત તબીબો સાથે નાયબ મુખ્યમંત્રીની પરામર્શ બેઠક

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાના વધતા જતા સંક્રમણને અટકાવવા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાતના નિષ્ણાંત તબીબો સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

અમદાવાદના પ્રતિષ્ઠિત તબીબોએ સરકારને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી અને રોજેરોજ પોતાની સેવાઓ આપવા પણ તત્પરતા વ્યક્ત કરી હતી.

તબીબોએ સીવીલ હોસ્પિટલ અને અન્ય કોવિડ-૧૯ હોસ્પિટલ માટે અનેક મહત્વના સૂચનો કર્યા હતા જેની નોંધ લઈ સરકારે તાકિદે અમલ કરવા સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી.

## કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના માતૃશ્રીનુ દુઃખદ અવસાન

ગાંધીનગર તા ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના ચેરમેન વલ્લભભાઈ



માણેકલાલ પટેલના માતૃશ્રી વિજયાબેન માણેકલાલ પટેલનુ આજે દુખદ અવસાન થયુ છે. છેલ્લા ઘણાં સમયથી બિમાર વિજયાબેનનુ કડી ખાતે અવસાન થતા પટેલ સમાજ તેમજ કડી સર્વ વિદ્યાલયના પરિવારે પણ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. કડીમાં સરદાર સોસાયટી ખાતેથી આજે નિકળેલી સદગતની અંતિમયાત્રામાં વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ પરિવારના ગણતરીના સભ્યો જ જોડાયા હતા. જયારે લોકડાઉનની સ્થિતિને અનુલક્ષીને બેસણુ કે અન્ય લૌકિકક્રીયા રાખવામાં આવી નથી. આ પરિસ્થિતિમાં તેમના પુત્ર વલ્લભભાઈ પટેલ તેમજ વિષ્ણુભાઈ માણેકલાલ પટેલને ફોન મારફતે નાગરિકો તેમજ સગા સંબધી સ્નેહીઓએ સદગતના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી. સ્વ માણેકલાલ પટેલ કર્મચુડામણીએ પણ શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપી ગુજરાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દીમાં સિંહફાળો આપ્યો હતો. જયારે તેમના અવસાન બાદ વલ્લભભાઈ પણ સમાજને શિક્ષિત બનાવવા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે મહેનત કરી રહ્યા છે. સદગત વિજયાબેનના પુત્ર અને કડી સર્વ

● અનુસંધાન પાન-૭ પર

## બે મહિનાથી ઘરમાં કેદ નાગરિકોને વૉકિંગ કરવાની છૂટછાટ આપો

### દિવસની આકરી ગરમીના અંતે ઢળતી સાંજે વોકીંગ દરમિયાન ખુલ્લી હવામાં તાજગી મળે તે અનિવાર્ય : ડાયાબીટીસ અને કોલેસ્ટ્રોલના દર્દીઓ પણ વોકીંગના અભાવે મુંઝવણ અનુભવી રહ્યા છે : સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્કના ઉપયોગ સાથે વોકીંગ કરવાની છુટછાટ અપાય તેવી લાગણી

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં પણ સતત ૫૦ દિવસથી નાગરિકો કડક લોકડાઉનનુ પાલન કરી રહ્યા છે. આકરી ગરમી વચ્ચે ઘરોમાં કેદ નાગરિકોમાં લોકડાઉન અને ગરમીની આડઅસર જોવા મળી રહી છે. આખો દિવસ ગરમીમાં ઘરમાં કેદ રહેતા નાગરિકોને ઢળતી સાંજે વોકીંગ કરવાની છુટછાટ અપાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. ડાયાબીટીસ અને કોલેસ્ટ્રોલની તકલીફ ધરાવતા નાગરિકો પણ હાલ વોકીંગ કરી શકતા નથી જયારે આકરી ગરમીમાં સતત ઘરમાં મુંઝવણ અનુભવતા નાગરિકોને સવારે તેમજ મોડી સાંજે વોકીંગ કરવાની છુટછાટ અપાય તેવી પણ લાગણી સેકટરવાસીઓ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૫૦ દિવસથી લોકડાઉનના લીધે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાયેલો છે. કોરોનાનો કહેર વધતા નાગરિકો છેલ્લા બે મહીનાથી ઘરમાં પુરાયેલા છે. બીજીતરફ ગરમી વધતા દિવસ દરમિયાન ઘરમાં કેદ થયેલા નાગરિકોની મુંઝવણ વધી છે. દિવસની અસહ્ય ગરમી બેચેન કરી દે છે. જયારે રાત્રિના સમયે પણ ઘરની બહાર નિકળી શકાતુ નથી. ખુલ્લી હવામાં શ્વાસ લેવાનુ પણ નસીબ ન થતા નાગરિકો હવે બેચેની અનુભવી રહ્યા છે. શહેરમાં છેલ્લા ૫૦ દિવસથી કડક રીતે લોકડાઉનનુ પાલન થઈ રહ્યુ છે. નાગરિકો સ્વયંશિસ્ત દાખવી કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી જયારે સોશિયલ ડીસ્ટન્સીંગ પણ જાળવે છે. જયારે બે મહીનાના અંતે કોરોનાની મહામારીને અનુલક્ષીને શિક્ષિત નાગરિકો કોરોનાથી બચવા પુરતી સાવધાની પણ દાખવી રહ્યા છે. આવા સંજોગોમાં લાંબા દિવસોથી ઘરમાં કેદ નાગરિકો વોકીંગ મોટ છુટછાટ આપવામાં આવે તેવુ પણ ઈચ્છી રહ્યા છે. લોકડાઉનના લીધે નાગરિકો હળવી કસરત પણ કરવાનુ ચુકયા છે. અલબત્ત ડાયાબીટીસ તેમજ કોલેસ્ટ્રોલના દર્દીઓ માટે ચાલવાનુ અત્યંત જરૂરી છે પરંતુ હાલના સંજોગોમાં ઘરની બહાર ડોકીયુ કરતા વેંત જ નાગરિકોને ગિરફતમાં લઈ લેવાતા રહીશોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. કોરોના સાથે જીવવાની આદત કેળવવા માટે પણ સતત નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. અલબત્ત આ મહામારીથી બચવા માટે સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્ક પહેરવા સહીતની સરકારની ગાઈડલાઈનનુ યોગ્ય પાલન કરવા માટે પણ નાગરિકો જાગૃત છે. ત્યારે આકરી ગરમીમાં વહેલી સવારે તેમજ ઢળતી સાંજ બાદ નાગરિકો વોકીંગમાં નિકળી શકે તે માટે પણ છુટછાટ આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

### શહેરના પ્રથમ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા

## નિવૃત્ત શિક્ષિકા ઈન્દુમતિબેન નિમાવતનું દુઃખદ નિધન

### નિવૃતિ પછી પણ માસ્ટર્સ એથ્લેટિક્સમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક મેડલ્સ જીતીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું : ટૂંકી માંદગીના અંતે ૭૩ વર્ષની વયે નિધન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં સરકારી શાળામાં શિક્ષિકા તરીકે લોકપ્રિયતા હાંસલ કરનાર અને



શહેરને સૌપ્રથમ રાષ્ટ્રપતિ એવોર્ડનું ગૌરવ અપાવનાર માસ્ટર એથ્લેટ શ્રીમતી ઈન્દુમતિબેન નૌતમલાલ નિમાવતનું ૭૩ વર્ષની વયે આજે બપોરે ટૂંકી માંદગીના અંતે દુઃખદ નિધન થવા પામ્યું હતું. સદગતની અંતિમક્રિયા સરગાસણ રુદ્રભૂમિ સ્મશાન ખાતે પ્રવર્તમાન સ્થિતિને અનુરૂપ મર્યાદિત વ્યક્તિઓની હાજરીમાં સંપન્ન કરવામાં આવી હતી.

સ્વ. ઈન્દુમતિબેન નિમાવત ગાંધીનગરના પ્રતિષ્ઠાલબ્ધ શિક્ષિકા રહી ચૂક્યા છે અને તેઓ શ્રેષ્ઠ શિક્ષક તરીકે ગાંધીનગર જીલ્લામાં સૌપ્રથમ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનીત થયા હતા. આ સાથે તેઓ વિવિધ મહિલા ઉત્થાન પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત રમતગમત ક્ષેત્રે પણ ખુબ જ પ્રવૃત એથ્લેટ હતા. તેમણે નિવૃતિ પછી પણ એથ્લેટિક્સ ક્ષેત્રે રાજ્યકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ અનેક મેડલ્સ જીતીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે જેમાં તેમણે દોડ અને ગોળફેંક

● અનુસંધાન પાન-૭ પર


**દુઃખદ અવસાન**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **સુરેશભાઈ ભેમજીભાઈ સેનવા,** ગામ-મેઘાઅલિયાસણ, હાલ-પેથાપુર, ગાંધીનગર, પૂર્વ ઉપાધ્યક્ષ - ગાંધીનગર શહેર ભાજપનું અવસાન તા. ૧૪/૫/૨૦૨૦ને ગુરૂવારના રોજ થયેલ છે. **પ્રભુ તેઓના આત્માને શાંતિ આપે.**

**હાલની કોરોના મહામારીને ધ્યાને રાખી લૌકિક ક્રિયા (બેસણું) રાખેલ નથી.**

**જીમીલ સુરેશભાઈ સેનવા (પુત્ર)** મો. ૯૫૭૪૭૫૩૦૦૯

**નિમેષ સુરેશભાઈ સેનવા (પુત્ર)**

**વિઠ્ઠલ શંકરભાઈ સેનવા (ભાઈ)**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com